અપીલ અરજી નં.૧૮૨ તા.૨૧–૭–૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સરવર હુસેન મોહંમદ નગદ
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી
ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સરવર હુસેન મોહંમદ નગદની તા.૧૮–૫–૧૧ની અરજીથી કેતન પટેલ શહેર વિકાસ અધિકારીની માંગવામાં આવેલ માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૧–૭–૧૧ ની **SMC/FAP/** નં.૧૮૨/૨૦૧૧–૧૨

શ્રી સરવર હુસેન મોહંમદ નગદની તા.૧૮–૫–૧૧ની અરજીથી કેતન પટેલ શહેર વિકાસ અધિકારીની માંગવામાં આવેલ માહિતી આપવા બાબતે ડે.કમિ.(પી એન્ડ ડી)અને અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ટી.ડી.ઓ. / ૧૦૩ તા.૧૬–૬–૧૧ના રોજ મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧– ૭ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૬૧ તા.૩૦–૭–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીની માંગેલ માહિતી ,ફીની વિગત રજુ કરેલ ન હોઈ તે માટે તથા અપીલના સમર્થનમાં દાવા મુજબનાં આધાર રજુ કરવા સાથે વધુમાં જાહેર માહિતી અધિકારીએ કરેલ તપાસ ણીના પ્રસ્તાવ અનુસાર તેમ કરી માહિતી મેળવવા તેમણે પ્રયત્ન કરેલ છે કે કેમ? તે પણ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ટીપીડી/આરટીઆઈ/આ.નં.૨૨૪ તા.૪–૮–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, સેન્ટ્રલઝોન તરફથી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને તથા કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૫૮ તા.૧૯–૫–૧૧ થી તબદીલ કરેલ પત્રની નકલ, નગર નિયોજક શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૭૬ તા.૧–૬–૧૧ થી ટાઉન પ્લાનર ટાઉન પ્લાનીંગ વિભાગ અને કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને અનુક્રમે મુદ્દા નં.૨ તથા ૧ અને ૬ ની અંશતઃ વિગતો માટે તબદીલ કરેલ પત્રની નકલ, જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી ટાઉન પ્લાનર શહેર વિકાસ વિભાગ, ટાઉન પ્લાનીંગ વિભાગ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને મુદ્દા નં.૧,૨,૪ અને ૫ અંગે સંપૂર્ણ તબદીલ કર્યા અંગે પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૨૪૦ તા.૮–૬–૧૧ની નકલ, નગર નિયોજક ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી પત્ર નં.ટીપીડી/આ.નં.૧૫૨ તા.૨૮–૬–૧૧ થી મધ્યસ્થ શહેર વિકાસને મુદ્દા નં.૨ અંગે અંશતઃ વિગતો માટે તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, નગર નિયોજક શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૬૦ તા.૨૦–૭–૧૧ થી મુદ્દા નં.૨ અંગે પુનઃ ટાઉન પ્લાનરશ્રી ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરેલ પત્રની નકલ, ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૦૩ તા.૧૬–૬–૧૧ થી મુદ્દા ન.૧,૪ અને ૫ ની આપેલી માહિતી અંગેના પત્રની નકલ, નગર નિયોજક શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૨૮ તા.૧૦–૮–૧૧ ના પૂરક પત્રની નકલ, નગર નિયોજક ટાઉન પ્લાનીંગ તરફથી ટાઉન પ્લાનર–બીને પાઠવેલ પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૧૨૦ તા.૧૫–૬–૧૧ ના પત્રની નકલ તથા જાહેર માહિતી અધિકારી સબરજીસ્ટાર સુરત–૪ ના પત્ર ક્રમાંક વહટ/આરટીઆઈ/૩/૧૧–૧૨ તા. ૨૮–૪–૧૧ ના પત્રની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૮–૫–૧૧ ની અરજીથી કેતન પટેલ શહેર વિકાસ અધિકારીની મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ વિભાગને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી ટાઉન પ્લાનર મધ્યસ્થ શહેર વિકાસને કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને પત્રનં.સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૨૫૮ તા.૧૯–૫–૧૧ થી તબદીલ કરવામાં આવેલ. નગર નિયોજક શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૭૬ તા.૧–૬–૧૧ થી ટાઉન પ્લાનર ટાઉન પ્લાનીંગ વિભાગ અને કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ. જયારે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૨૪૦ તા.૮–૬–૧૧થી ટાઉન પ્લાનર શહેર વિકાસ વિભાગ, ટાઉન પ્લાનીંગ વિભાગ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને મુદ્દા નં.૧,૨,૪ અને ૫ અંગે સંપૂર્ણ તબદીલ કરવામાં આવેલ. જયારે નગર નિયોજક ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી પત્ર નં.ટીપીડી/આ.નં.૧૫૨ તા.૨૮–૬–૧૧ થી મધ્યસ્થ શહેર વિકાસને મુદ્દા નં.૨ અંગે તબદીલ કરવામાં આવેલ. નગર નિયોજક શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૬૦ તા.૨૦–૭–૧૧ થી મુદ્દા નં.૨ અંગે પુનઃ ટાઉન પ્લાનરશ્રી ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જયારે મુદ્દા નં.૧ તથા ૪ અને ૫ અંગે પત્ર નં.ટીડીઓ/૧૦૩ તા.૧૬–૬–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે ખોટી અને જાણવા છતાં ગેરમાર્ગે દોરનારી અને કર્મચારીના બચાવના બાલીશ ગુનાહિત પ્રયાસ

કરવામાં આવેલ હોવાનું જણાવી તા.૨૧–૭–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી આપેલ વિગત રેકર્ડ ઉપર નથી તેવું જણાવેલ છે જે ખોટી માહિતી આપ્યા હોવાની રજૂઆત કરેલ છે. અરજદારની અરજીમાં કેતન પટેલ એડી.સીટી ઈજનેર શહેર વિકાસ અધિકારી રહી ઘણા કૌભાંડો કરેલ હોય જેના નમુના વોર્ડ નં.૧૧/૨૧૧૧ વાળી મિલ્કત પર ૧૬ ત્રણ માળની બિલ્ડીંગોનો બોગસ દસ્તાવેજો પર બિલ્ડર સાથે મળી પાસ કરી દીધેલનો પાસ થયેલ છે અને તેમના બીજા પણ કૌંભાંડો આચરેલ ખાસ કરીને યુનીવર્સીટી રોડ અને વેસુ ગામના હાઈરાઈઝમાં ગંભીર પ્રકારની ગુનાહિત પ્રવૃતિ કહી શકાય તેવા અમારી તપાસમાં બહાર આવેલા છે જે અંગે અમોએ ગુજ. હાઈ કોર્ટમાં નાંખી હોય નીચેના મુદ્દાઓની સાચી અને ખરી માહિતી આપવા જણાવેલ છે. મુદ્દા નં.(૧) કેતન પટેલ શહેર વિકાસ અધિકારી તરીકે રહી સેન્ટ્રલઝોન બોગસ દસ્તાવેજો અથવા પ્રોપર્ટી કાર્ડ સનદના માપના આંકડાની નકલ વગર અને ડી.સી.એસ.આર.ના નિયમો વિરુધ્ધ પ્લાન પાસ કર્યા હોય તો તેની તપાસ કરી માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ તરફથી શ્રી કેતનભાઈ પટેલ શહેર વિકાસ અધિકારી તરીકે મધ્યસ્થ શહેર વિકાસ ખાતાના સેન્ટ્રલઝોનમાં રેવન્યુ રેકર્ડ વગર તેમજ ડી.સી.આર.ના નિયમ વિરુધ્ધ પ્લાન પાસ કરેલ હોવાની વિગતો રેકર્ડ ઉપર નથી. તેવું જણાવેલ છે. પરંતુ અરજદારે મુળ અરજીમાં કેતન પટેલ શહેર વિકાસ અધિકારી તરીકે રહી સેન્ટ્રલઝોન બોગસ દસ્તાવેજ અથવા પ્રોપર્ટી કાર્ડ અને સનદના માપના આંકડાની નકલ ડીસીઆરના નિયમો વિરુધ્ધ પ્લાન પાસ કર્યા હોય તો તેની માહિતી માંગેલ છે. જે અંગે મધ્યસ્થ શહેર વિકસ તરફથી સબ રજીસ્ટ્રાર કતારગામ તરફથી તા.૨૮–૪–૧૧ નો અરજદારને આપેલ માહિતીના પત્રની નકલ રજૂ કરેલ છે જેમાં અરજદારને સદર પ્રશ્ન બાબતે પ્રોપર્ટી કાર્ડની નકલ સનદના માપના આંકડાવાળી નકલ મુળ દસ્તાવેજ સરકારી સ્ત્રોત ખાતે પણ રેકર્ડ ઉપર મળી આવેલ નથી તેવું જણાવેલ છે. તેમજ તેમના મિલકત નં.૧૧/૨૧૧૧/અબકડ વાળી ૨૩ બિલ્ડીંગોના બોગસ દસ્તાવેજો બાબતે પણ આપેલ માહિતીમાં તમામ લેખોને દર્શાવેલ નંબર અને તારીખથી રજીસ્ટ્રેશન થયેલ નથી તેવું જણાવેલ છે. વધુમાં તમામ લેખો પૈકી દસ્તાવેજ નં.૧૩૭૩૩/૦૭,૧૦૬૨૫/૦૮, ૧૦૬૨૪/૮ સિવાયના સ્ટેમ્પ લાગત નિર્ણય પણ પેન્ડીંગ છે તેવું જણાવેલ છે. તેમ છતાં અરજદારની રજૂઆત સેન્ટ્રલઝોનના કાર્યક્ષેત્રને લગતી બાબતે ડીસીઆરના નિયમો વિરુધ્ધ પ્લાન પાસ કરેલા હોય તો તેવી માહિતી મુળ અરજીમાં માંગેલ છે જે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પૂરી પાડેલ ન હોઈ પૂરી પાડવાની રહે. મુદ્દા નં.(૨) કેતન પટેલે શહેર વિકાસ અધિકારી રહી કેટલી રીઝર્વેશન વાળી જગ્યાઓ છુટી કરી અને કયા કારણસર જમીન છુટી કરાઈ સર્વે નંબર વિસ્તાર સાથે માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે છેલ્લે પત્ર નં.ટીડીઓ/૧૬૦ તા.૨૦–૭–૧૧ થી મ. જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનરશ્રી ટાઉન પ્લાનીગને તબદીલ કરવામાં આવેલ. જે અંગે ટાઉન પ્લાનર વિભાગ તરફથી અરજદારને કોઈ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી. તેમજ આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ ઈન્કારના અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. મુદ્દા નં.(૩) કેતન પટેલે મગદલ્લા રોડ ખાતે આવેલી ગાયત્રી નગર સોસા.વાળો કોઈ જગ્યાનો ડેવલપ માટે મંજુરી આપી છે કે કેમ? (શહેર વિકાસ અધિકારીના કાળ દરમ્યાન) તેવા પ્રશ્ન બાબતે સેન્ટ્રલઝોન તરફથી અરજી કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને તબદીલ કરવામાં આવેલ. પરંતુ અઠવાઝોન તરફથી મુદ્દા નં.૩ સિવાય ની સંપૂર્ણ માહિતી ટાઉન પ્લાનીંગ વિભાગ, મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ અને સેન્ટ્રલઝોન ખાતે તબદીલ કરવામાં આવેલ. પરંતુ મુદ્દા નં.૩ ની માહિતી અઠવાઝોન તરફથી આપવામાં આવેલ નથી કે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. મુદ્દા નં.(૪) કેતન પટેલે ખાસ કરી અઠવાઝોનના યુર્ની. સીટી રોડ અને વેસુ ગામામ હાઈરાઈઝ બિલ્ડીંગોની મંજુરી આપેલ છે તેમાં નવા ડી.સી.આરના નિયમોનો અમલ કરાવેલ છે કે કેમ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી શ્રી કેતનભાઈ પટેલ અઠવાઝોનના યુર્ની. સીટી રોડ અને વસુ ગામમાં જે હાઈરાઈઝ બિલ્ડીંગોની મંજુરી આપેલ છે જેમાં જે તે સમયના મંજુર વિકાસ નિયંત્રણ નિયમોનો અમલ કરાવ્યા વગર પ્લાનો મંજુર કરેલ હોવા બાબતનો કોઈ રેકર્ડ/માહિતી નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૫) સુરત શહેર બે મોટા બિલ્ડર કે જેઓએ વેસુના હાઈરાઈઝ બિલ્ડીંગો બનાવેલી તેમાં કેતન પટેલ. ઘણી ગેરરિતીઓ કરેલ છે અને પ્રજાની વેરાની રકમની લહાણી આવા બિલ્ડરોમાં કરેલ છે. માટે બિલ્ડીંગ નંબર બિલ્ડર અને સર્વે નંબરની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સુરત શહેરમાં વેસુ વિસ્તારમાં હાઈરાઈઝ બિલ્ડીંગો બનાવનાર કયા બે બિલ્ડરો બાબતે તમો વિગત માંગો છો તેની સ્પષ્ટતા થતી નથી. તેમજ શ્રી કેતનભાઈ પટેલ ધ્વારા મંજુર વિકાસ નિયંત્રણ નિયમોની જોગવાઈ અનુસાર પ્લાનો મંજુર થયેલ છે. જેમાં કોઈ ગેરરિતી થયેલ હોવા અંગેનો રેકર્ડ ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. વધુમાં સુરત મહાનગપાલિકા વિસ્તારમાં મંજુર થયેલ પ્લાનોની વિગત સુમપાની વેબસાઈટ http://www.suratmunicipal. gov.in/content/rtiact/rtiact-disc13 shtml પર ઉપલબ્ધ છે. રજાચિઠ્ઠી રજીસ્ટર શહેર વિકાસ વિભાગની કચેરીનો અગાઉથી સમય અને તારીખ મેળવી જાહેર રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન નિરીક્ષણ કરી શકો છો. સદર રેકર્ડનું નિરીક્ષણ કરવા માટે પ્રથમ ૩૦ મીનીટ માટે કોઈ ચાર્જ નથી. ત્યાર બાદ પ્રતિ ૩૦ મીનીટના રૂા.૨૦/– લેખે ચાર્જ ભરપાઈ કરવાનો રહેશે. તેવું જણાવેલ છે.પરંતુ અપીલ તબકકે બંને પક્ષકારોને પત્ર પાઠવવા છતાં માહિતી મેળવ્યા બાબતે કોઈ પ્રકાશ પાડેલ નથી. આથી અરજદારે જાહેર માહિતી અધિકારીએ નિયત સમય અવધિમાં કરેલ પ્રસ્તાવ અનુસાર ઈન્સ્પેકશન કરી માહિતી મેળવેલ છે કે કેમ? તેવી વિગતો પૂરી પાડેલ નથી. તેમજ અપીલના દાવાના સમર્થનમાં પણ કોઈ આધાર રજૂ કરેલ નથી. આમ અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર નિરીક્ષણ કરી માહિતી મેળવી શકે છે. મુદ્દા નં.૬ કેતન પટેલે જો કોઈ સરકારી પ્રોજેકટોમાં પણ ગેરરીતી કરી હોય તેની વિગતવાર માહિતી આપવી. ઉપર જણાવેલ તમામ મુદ્દાની માહિતી જાત તપાસ કરાવી આપવી નહીં કે રેકર્ડ આધારીત માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ તરફથી ટાઉન

પ્લાનર ટાઉન પ્લાનીંગ વિભાગ અને કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોનને મુદ્દા નં.૧ ,૨ તથા ૬ અંગે પત્ર નં.ટીડીઓ/૭૬ તા.૧–૬–૧૧ થી તબદીલ કરેલ છે. જે અંગે ટાઉન પ્લાનર તથા કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન તરફથી તેવી કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી તેમજ માહિતીના ઈન્કાર અંગે અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. વધુમાં અરજદારે અરજીમાં જાત તપાસ કરી રેકર્ડ આધારીત માહિતી મેળવવાનો આગ્રહ રાખેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ માહિતી જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

અરજદારને મુદ્દા નં.૧ અને ૪ અંગે મધ્યસ્થ શહેર વિકાસ વિભાગ તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડેલ છે. તેમજ મુદ્દા નં.૧ આંશિક અંગે પત્ર નં.ટીડીઓ/૭૬ તા.૧–૬–૧૧ થી સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ છે. તેમજ અઠવાઝોન તરફથી પણ સેન્ટ્રલઝોનને તબદીલ કરવામાં આવેલ છે. અને મુળ અરજી પણ સેન્ટ્રલઝોન ખાતે આવેલ છે. આમ અરજદારે પણ સેન્ટ્રલઝોનના બોગસ દસ્તાવેજો અથવા પ્રોપર્ટી કાર્ડ અને સનદના માપના અંકડાની નકલ વગર અને ડીસીઆરના નિયમો વિરુધ્ધ પ્લાન પાસ કર્યા હોય તો તેની તપાસ કરી માહિતી માંગેલ છે. આમ સેન્ટ્રલઝોનના કાર્યક્ષેત્રની માહિતી હોવાથી તે માહિતી સેન્ટ્રલઝોન તરફથી પૂરી પાડવામાં આવેલ નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. મુદ્દા નં.૨ છેવટે શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીડીઓ/૧૬૦ તા.૨૦–૭–૧૧ થી ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરેલ હોય તેઓએ માહિતી પૂરી પાડવાની રહે. મુદ્દા નં.૩ ની માહિતી અંગે અઠવાઝોન તરફથી કોઈ તબદીલી કે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. તેથી તે અંગે તેઓએ માહિતી પૂરી પાડવાની રહે. મુદ્દા નં.૬ અંગે શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૭૬ તા.૧–૬–૧૧ થી ટાઉન પ્લાનીંગ વિભાગ અને સેન્ટ્રલઝોનને તબદીલ કરેલ હોય તેઓ તરફથી કોઈ માહિતી પૂરી પાડેલ ન હોઈ તેમજ આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપદાવનું કોઈ કારણ જણાવેલ નથી. તેથી દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની રહે. મુદ્દા નં.૧, ૪ તથા ૫ અંગે જાહેર માહિતી અધિકારીએ નિયત સમય અવધિમાં કરેલ પ્રસ્તાવ અનુસાર દિન–૭ માં ઓફિસ કામકાજના સમય દરમ્યાન અરજદાર ઈચ્છુક હોય તો કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ તપાસણી કરી માહિતી મેળવી શકે છે.

## હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૫–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી મુદ્દા નં.૧ અને ૬ અંશતઃ , મુદ્દા નં.૨ અને મુદ્દા નં.૩ ની જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલી માહિતી અનુક્રમે જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, ટાઉન પ્લાનીંગ વિભાગ અને અઠવાઝોનને દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા અનુક્રમે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન, ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ) તથા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)ને જણાવવામાં આવે છે.

અરજદાર ઈચ્છુક હોય તો અરજીના મુદ્દા નં.૧,૪ તથા ૫ અંગે ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ વિભાગ તરફથી સમય અવધિમાં કરવામાં આવેલ પ્રસ્તાવ અનુસાર આપવામાં આવેલ તપાસણી મુજબ દિન–૭ માં નિરીક્ષણ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે. જે અંગેની થયેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશનર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૮–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી , ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી સરવર હુસેન મોહંમદ નગદ